**55962** Seat No._________

# Third Year B. A. Examination

April/May – 2003

## Gujarati : Paper – IX

Time : **3** Hours] [Total Marks : **70**

**સૂચના :** પ્રત્યેક પ્રશ્નના ગુણ **સરખા** છે.

૧ ગમે તે **બે**નો વિચારવિસ્તાર કરો : ૧૪

(૧) રે રે શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે,
લાગ્યા ઘાને વીસરી શકવા કાંઈ સામર્થ્ય ના છે.

(૨) વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી.

(૩) ક્ષમામાં જે શક્તિ છે તે દંડમાં નથી.

(૪) મિત્રતા જીવનની સંપદા છે.

૨ (ક) કોઈ પણ **ત્રણ** છદનાં બંધારણ સદષ્ટાંત જણાવો : ૯

(૧) મન્દાક્રાન્તા (૨) ઈન્દ્રવજ્રા

(૩) સવૈયા (૪) શાર્દૂલવિક્રીડિત

(૫) શિખરિણી (૬) દોહરો.

(ખ) ગમે તે **પાંચ** પંક્તિઓના છંદ ઓળખાવો : ૫

(૧) ઈન્દ્રપ્રસ્થજનો આજે, વિચાર કરતા હતા;
એક બાબતને માટે, શંકા સૌ ધરતા હતા.

(૨) આજ મહારાજ! જલ પર ઉદય જોઈને
ચન્દ્રનો હ્રદયમાં હર્ષ જામે.

(૩) કદી નહીં કરું, મને જ સ્મરણે સદા રાખજે.

(૪) જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની.

(૫) ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય.

(૬) હજી ઘણાં છે રણ સીંચવાનાં
હજી ઘણી રાત્રિ ઉજાળવાની.

(૭) ત્યાં ધૂળ દૂર નજરે ઊડતી પડે છે.

૩ (ક) ગમે તે **ત્રણ** અલંકાર સદૃષ્ટાંત સમજાવો : ૯

(૧) ઉપમા (૨) સ્વભાવોક્તિ
(૩) વ્યાજસ્તુતિ (૪) અતિશયોક્તિ
(૫) વર્ણાનુપ્રાસ (૬) દૃષ્ટાન્ત.

(ખ) ગમે તે **પાંચ** પંક્તિઓમાંના અલંકાર ઓળખાવો : ૫

(૧) હો દરિયા ફકીર!
આ રે કાંઠે ગાતો, ગાવા જાતો પેલે તીર.

(૨) વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારેમાસ રે.

(૩) વળી કો ડોસીમા ફરે, પોમચો તપખીરિયો
પહેર્યો છે, નાકમાં ફાકો માર્યો છે તખખીરનો,
મૂક્યા છે હાથ બે માથે, કને છે મૂકી પોટલી,
અને બે હોઠથી બોખા રટે છે રામ–ગાળ કે.

(૪) ઝાખાં–ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ
વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ.

(૫) હિમાલય એટલે તો હિમાલય જ.

(૬) ચોમાસું આવતાં સૃષ્ટિ નવું જીવન મેળવે,

(૭) તળાવનું પોયણજળ સ્વપ્નવધૂના પેટ સરીખું હળે.

૪ નીચે આપેલા કાવ્યનું રસદર્શન કરાવો : ૧૪

ના હિન્દુ નીકળ્યા, ન મુસલમાન નીકળ્યા,
કબરો ઉઘાડી જોયું તો ઈન્સાન નીકળ્યા.
સહેલાઈથી ન પ્રેમનાં અરમાન નીકળ્યા,
જો નીકળ્યાં તો સાથ લઈ જાન નીકળ્યા.
તારો ખુદા કે નીવડ્યાં બિંદુ ય મોતીઓ,
મારાં કરમ કે અશ્રુઓ તોફાન નીકળ્યાં!
એ રંગ જેને જીવ સમા જાળવ્યા હતા.
એ રંગ એક રાતના મહેમાન નીકળ્યા,
મનમેળ કાજ આમ તો કીધા હતા કરાર,
કિન્તુ કરાર કલેશનાં મેદાન નીકળ્યાં.
કરતા હતા પહાડોનો દાવો પલાશ પણ,
આવી જો પાનખર તો ખર્યાં પાન નીકળ્યાં.
હું મારા શ્વાસ જેમને સમજી રહ્યો હતો,
'ઘાયલ'એ શ્વાસ મારા મોતનાં ફરમાન નીકળ્યાં.

– **અમૃત ઘાયલ**

**અથવા**

૪ નીચે આપેલા કાવ્યનું રસદર્શન કરાવો : ૧૪

અડકી ગઈ

નેણ અચિંતી રંગની છાકમછોળ!
ઉપર ભૂરાં આભ ને નીચે સોનલવરણાં ખેત
વચમાં વ્હેતું જાય રૂપેરી વ્હેણ વળાંકા લેત,
જાંબળી આંકે રેખ આઘેરી ડુંગરિયાની ઓળ
આઘેરી ડુંગરિયાની ઓળ!
અડકી ગઈ નેણ અચિંતી રંગની છાકમછોળ.
ઊતરે ઓલ્યું રાન–સૂડાંનું ઝૂમખું લેતું ઝોક
અહીં તહીં ખડમોરની વળી કાબરી ભોળું ડોક
દીસતું નહીં તોય રે મીઠાં ગાનથી જાણું કોક
પીળચટી ચોરવાડની આડે સૂર ઝરે ચંડોળ
ઝીણેરા સૂર ઝરે ચંડોળ
અડકી ગઈ નેણ અચિંતી રંગની છાકમછોળ!
હળવી વાયે દખણાદિની ફૂલગુલાબી લ્હેર.
દૂર પણે ઓ ડોલતો લીલો અમરાઈનો ઘેર
માંત્યથી મીઠી મ્હેંકથી હારે ઊડતી આણી મે'ર
જળ–થળે ઝાંય રેલતી આવી ચૂંદડી રાતીચોળ
હીરાગળ ચૂંદડી રાતીચોળ!
અડકી ગઈ નેણ અચિંતી રંગની છાકમછોળ!

**– પ્રદ્યુમ્ન તન્ના**

૩ નીચેનામાંથી કોઈ પણ **એક** પ્રસંગનું આલેખન કરો : ૧૪

(૧) મારા પ્રિય અધ્યાપકનો વિદાય સમારંભ

(૨) એક દિવસીય ક્રિકેટ મેચ

(૩) પારિતોષિક–પ્રાપ્તિની એ પ્રસન્ન ક્ષણ!